નિયામક , આદિજાતિ વિકાસ
બિરસા મુંડા ભવન , સેકટર-૧૦એ , ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : ૦૭૯-૨૩૨-૫૪૧૮૩
E-mail ID : ctdgujarat@gujarat.gov.in

વર્ષ ૨૦૨૬-૨૭
ડિજીટલ ગુજરાત પોર્ટલ
<u>અગત્યનું/સમયમર્યાદા</u>

ટેકનોલોજી શિક્ષણ નિયામકશ્રીની કચેરી (stamp)
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
પત્ર મળ્યા તારીખ
02 SEP 2026
જો નોંધ્યો તે આવક રજીસ્ટરનો
શાખાનું નામ ક્રમાંક : 6718

પ્રતિ,
(૧)પ્રાયોજના વહીવટદારશ્રી,
(આદિજાતિ વિસ્તાર પેટા યોજના)
મુ.........................જિ.........................
(૨) મદદનીશ કમિશનરશ્રી,
(આદિજાતિ વિકાસ)
મુ.........................જિ.........................
(૩) આદિજાતિ વિકાસ અધિકારીશ્રી,
(આદિજાતિ વિકાસ)
મુ.........................જિ.........................

વિષય:- વર્ષ:૨૦૨૬-૨૭ની અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ / સહાય યોજનાઓનો **Digital Gujarat Portal** મારફત અમલ કરવા બાબત (**https://www.digitalgujarat.gov.in**)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) મારફત ચુકવી શકાય તે માટે થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal મારફત શૈક્ષણિક યોજનાનો અમલ કરવામાં આવે છે.

Digital Gujarat Portalમાં હાલ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર / ભારત સરકારશ્રીની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉ જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા કરવામાં આવેલ હતો તે રીતે ચાલુ શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭માં કરવાનો થાય છે.

Digital Gujarat Portalમાં જે સુધારા - વધારા કરવામાં આવેલ છે તેની સમજ પણ વખતો વખત વડી કચેરી દ્વારા આવે છે. શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ શરૂ થઈ ગયેલ તેથી તમામ જિલ્લા અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આપના તાબા હેઠળની સંબંધિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓને પરિપત્ર કરી વર્ષ:૨૦૨૬-૨૭માં આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની ઓનલાઇન એપ્લીકેશનો આ સાથેના "માસવાર આયોજન" પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ સમયસર ઓનલાઇન મેળવવાની રહેશે. માન. કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા જિલ્લાકક્ષાએ શિક્ષણવિભાગના અધિકારીશ્રીઓના સંકલન અને સહકારથી આ કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવાની રહેશે. જે માટે દરેક સંબંધિત શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓને સૂચના આપવા કરવાના થતા પરીપત્રની નમુનારૂપ નકલ સામેલ છે.

Digital Gujarat Portalના માધ્યમથી ઓનલાઇન યોજનાના અમલીકરણના અભિગમને સફળ બનાવવા તમામ જિલ્લા કચેરીઓમાં Internet/GSWANનું જોડાણ હોવું આવશ્યક છે જે બાબતે વડી કચેરી દ્વારા વખતો વખત સૂચનાઓ આપવામાં આવેલ છે. જેથી જે જિલ્લા કચેરીમાં Internet/GSWANનું જોડાણ હાલ ન હોય કે કાર્યરત ના હોય તે કચેરીએ Internet/GSWAN જોડાણ મેળવવા અંગેની કાર્યવાહી તાત્કાલિક કરી લેવાની રહેશે.

Digital Gujarat Portal મારફત શિષ્યવૃત્તિ ચુકવણા અંગેની કામગીરીને સફળ બનાવવા નીચેની વિગતોને ધ્યાને રાખવાની રહેશે.

૧. સદરહું પોર્ટલ મારફત તમામ પાત્રતા ધરાવતી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓએ ઓનલાઇન અરજીઓ ફોરવર્ડ કરવાની હોવાથી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓને અગાઉના વર્ષમાં આપવામાં આવેલ ID/ Password ના આધારે કામગીરી કરવાની રહેશે. જો કોઇ શાળા/સંસ્થાઓને પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળા/સંસ્થાઓએ "Forgot Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેવી શાળા/સંસ્થાને ID / Password કેવી રીતે મેળવવા તે અંગેનુ માર્ગદર્શન આપવાનું રહેશે) (જો કોઇ શાળા/સંસ્થામાં આચાર્યશ્રી બદલાયેલ હોય કે નિવૃત થયેલ હોય તો તેવી સંસ્થાના આચાર્યશ્રીનું નામ/મોબાઇલ નંબર જિલ્લા કક્ષાના લોગીનમાંથી બદલી શકાય છે જે જરૂરી આધાર મેળવી બદલી આપવાના રહેશે.)
૨. રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓ લોગીન કરે અને વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશનની ચકાસણી કરી

ફોરવર્ડ કરે તે મુજબની કામગીરી જે તે જિલ્લા કક્ષાએથી કરવાની થાય છે. આથી જિલ્લા કક્ષાએ મદદનીશ કમિ.શ્રી (આ.વિ.) / આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આ.વિ.) દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શાસનાધિકારીશ્રી, યુનિવર્સિટી તથા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી સત્વરે આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૩. શાળા/કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા જે ઓનલાઇન અરજીઓ મોકલશે તે સંબંધિત જિલ્લા કચેરીઓમાં ઓનલાઇન આવશે જેથી જિલ્લા કચેરીઓએ પણ સદરહું પોર્ટલમાં ID/Password મેળવવા જરૂરી છે. તમામ જિલ્લા કચેરીઓએ અગાઉના વર્ષમાં જે "ડીલીંગ હેન્ડ" તથા "હાયર ઓથોરીટી" ના ID/Password આપવામાં આવેલ હતા તે જ ID/Password નો ઉપયોગ કરી કામગીરી કરવાની રહેશે. કર્મચારીશ્રી/અધિકારીશ્રીના કામગીરી/બદલીના કિસ્સામાં જિલ્લાની NIC કચેરીનો સંપર્ક કરી નવા ID/Password તાત્કાલિક મેળવી લેવાના રહેશે. જે જિલ્લા કચેરીઓએ હજી પણ ID/Password લીધેલ ન હોય તેઓએ તાત્કાલિક દિન-૨માં ID/Password મેળવી લેવા તાકીદ કરવામાં આવે છે.

૪. સદરહું પોર્ટલમાં વેરીફીકેશ અને મંજુરી એમ ૨(બે) કક્ષાએ કામગીરી કરવાની હોય કચેરી દીઠ બે ID/Password લેવાના રહેશે. વેરીફીકેશન માટે જુ.ક્લાર્ક/સી.ક્લાર્ક/હે.ક્લાર્ક/મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વિગેરે પૈકી કોઇ એક અને મંજુરી માટે કચેરીના વડા જિલ્લા મદદનીશ કમિશનરશ્રી / આ.વિ.અધિશ્રી (આ.વિ.) રહેશે.

૫. Digital Gujarat Portalના ટેકનીકલ કે અન્ય પ્રશ્નો માટે વડી કચેરીની શિક્ષણ શાખા સાથે સંકલનમાં રહી કામગીરી કરવાની રહેશે તેમજ ઓનલાઇન પોર્ટલની તમામ પ્રકિયા Mozila , Firefox કે Chrome બ્રાઉઝરના અપડેટેડ વર્ઝનમાં કરવી હિતાવહ છે.

૬. સદરહું પરિપત્ર મળ્યેથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ / સંસ્થાઓને તાત્કાલિક પરીપત્ર કરવાનો રહેશે તેમજ ચાલુ વર્ષના આયોજનની જાણ દરેકને કરવાની રહેશે.

૭. જિલ્લા કક્ષાએથી સંબધિત શાળાઓ, સંબધિત સરકારી / ગ્રાંટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજોના આચાર્યશ્રી/ વડાઓને વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત ચકાસીને જ મોકલવા સૂચના આપવી તેમજ સંબધિત શાળા/સંસ્થા દ્વારા જો કોઇ ડમી/ભુતિયા વિદ્યાર્થીઓની દરખાસ્ત રજુ કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે શાળા/સંસ્થાની નક્કી કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેની જાણ સંબંધિતોને આપની કક્ષાએથી કરવાની રહેશે. તેમ છતા જો કોઇ શાળા/કોલેજ/સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં કે અન્ય બાબતે અનિયમિતતા જણાઇ આવે તો તે બાબતની જાણ અત્રે તેમજ જે તે સંસ્થાની ઉપરી ઓથોરીટીને કરી તેઓ સામે કડક કાર્યવાહી કરવા અંગેની ઘટીત કાર્યવાહી કરવાની રહેશે.

૮. શિષ્યવૃત્તિની તમામ કામગીરી ઓનલાઇન થતી હોય કોઇપણ વિદ્યાર્થીઓને વડી કચેરીની મંજુરી વગર ઓફલાઇન શિષ્યવૃત્તિ ચુકવવાની રહેશે નહિ જેની તમામ જિલ્લા અધિકારીશ્રીઓએ નોંધ લેવી.

૯. જિલ્લા અધિકારીશ્રીઓ જે તે જિલ્લાની શૈક્ષણિક સંસ્થા/શાળાઓથી વધુ વાકેફ હોઇ, આ સાથેના નમુના રૂપ પરિપત્રમાં જિલ્લાને અનુરૂપ ફેરફારને અવકાશ છે તેમજ જિલ્લાએ કરેલ પરિપત્રની નકલ વડી કચેરીએ પણ મોકલી આપવાની રહેશે.

૧૦. ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલય ન્યુ દિલ્હી દ્વારા નિયત કરવામાં આવેલ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિના નિયમનો-૨૦૨૨ ની જોગવાઇ નં.૭.(૮) વિદ્યાર્થીઓની સંતોષકારક પ્રગતિ, સારી વર્તણૂકને ધ્યાને લઇ શિષ્યવૃત્તિ ચૂકવવાની રહેશે. વિદ્યાર્થીઓએ હડતાલમાં ભાગલીધેલ હોય, બિન પરવાનગીએ ગેરહાજર રહેલ હોય અથવા કોઇ ગેરવર્તણૂંક કરેલ હોય અને સંતોષકારક પ્રગતિ જોવા મળેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓનો રીપોર્ટ સંસ્થાના વડાએ શિષ્યવૃત્તિ મંજુર કરનાર અધિકારીશ્રીને મોકલી આપવાનો રહેશે. જેને ધ્યાને લઇ શિષ્યવૃત્તિ મંજુર કરનાર અધિકારી શિષ્યવૃત્તિ રદ કરી શકશે. અથવા તો યોગ્ય લાગે ત્યાં સુધી અટકાવી શકશે. સદર જોગવાઇને ધ્યાનેલઇ આ જોગવાઇનું કડક રીતે પાલન શાળા/કોલેજ/યુનિવર્સિટી દ્વારા થાય તે મુજબની સુચનાઓ આપી કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. જે શાળા/કોલેજ/યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવ્યા બાદ વર્ષ દરમિયાન સંસ્થામાં પૂર્ણકાલીન અભ્યાસ કરે તેઓને જ શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે તેમજ સંસ્થાના છાત્રાલયમાં સમગ્ર વર્ષ દરમિયાન રહે તેવા સંજોગોમાં જ તેઓના ફૂડબીલ ચુકવવાના થાય છે. જે બાબત ધ્યાને લઇ આપના કાર્યક્ષેત્ર હેઠળની સંસ્થાઓની જરૂર પડ્યે રૂબરૂ મુલાકાત લઇ ડમી કે ભૂતિયા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/ ફૂડબીલ સહાય ના મેળવે તે માટે ખાસ તકેદારી રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૧૨. આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૫/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2025/0356/G અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક: TDD/SXN/e-file/25/2025/0356/G તેમજ આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક: TDD/PMS/e-file/25/2026/0190/G થી આપેલ સુચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧૩. વિદ્યાર્થીઓના આવકના દાખલા સંબંધિત કોઇપણ પ્રકારની વિસંગતતા જણાય તો તેની સ્થળ તપાસ કરાવી અને તે અંગેની નિયમોનુસારની કાર્યવાહી કરવાની રહેશે.

૧૪. જે વિદ્યાર્થી રીશફલીંગ દરમ્યાન અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે ત્યારે કોલેજો/યુનિવર્સિટીએ તાત્કાલિક વિદ્યાર્થીનો મૂળ કોલેજ પ્રવેશ રદ કરાયેથી સ્કોલરશીપનું ફોર્મ પણ વિદ્યાર્થી પાસેથી ક્લોઝ કરાવવાનું રહેશે અને જો તેમ આગળનાં લેવલ પહોચી ગયેલ હોય તો સંસ્થાએ જે-તે કચેરીને જાણ કરવાની રહેશે તે મુજબની સુચના સંસ્થાઓને આપવાની રહેશે.

૧૫. વર્ષ:૨૦૨૨-૨૩થી "ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના"ની ગાઇડલાઇનમાં નીચે મુજબના મુખ્ય સુધારા થયેલ હોય તે મુજબ આનુષાંગિક સુધારા પોર્ટલ પર કરવામાં આવેલ છે.

- નવી ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓને આપવામાં આવતાં સ્ટાઇપેન્ડના ગ્રુપમાં ફેરફાર કરેલ છે.
- નવી ગાઇડલાઇન મુજબ Disability ના દર સુધારવામાં આવેલ છે.

- અગાઉ Monthly "Maintenance allowance" આપવામાં આવતુ હતુ તેની જગ્યાએ હવે ૧૦ મહિના લેખે સ્ટાઇપેન્ડ આપવામાં આવે તે મુજબ સુધારા કરવામાં આવેલ છે.

ઉક્ત સુધારા ઉપરાંત જરૂરી આનુષાંગિક સુધારાઓ પણ પોર્ટલ પર કરવામાં આવેલ છે જે ધ્યાને લઇ જિલ્લા કચેરીઓએથી કામગીરી કરવાની રહેશે.

૧૬. વિદ્યાર્થીઓ માટે Aadhaar Based Biometric eKYC કરવા બાબતે અગત્યની સૂચનાઓ:

સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર મંત્રીમંડળ સચિવાલય, નવી દિલ્હીના તા.૧૬/૧૦/૨૦૨૩ ના પત્ર નં. 11011/133/2015-DBT થી ભારત સરકારની યોજનાઓ હેઠળ બાયોમેટ્રીક આધાર ઓથેંટીકેશન લાગુ કરવા જણાવેલ હોઈ ભારત સરકાર પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Integration already કરવામાં આવેલ છે. જેથી ઉક્ત યોજના અંતર્ગત જ્યારે વિદ્યાર્થીઓ ઓનલાઇન ફોર્મ ભરતા હશે ત્યારે વિદ્યાર્થીઓએ જાતે જ Aadhaar Based Biometric eKYCનો ડેટા ઓનલાઇન પોતાનો રેશનકાર્ડ મેમ્બર આઇ.ડી એન્ટર કરીને મેળવી શકશે. કેન્દ્ર સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત જો વિદ્યાર્થીઓનું Aadhaar Based Biometric eKYC "Yes" હશે તો જ વિદ્યાર્થી ઓનલાઇન અરજી કરી શકશે અને પોતાની અરજી સબમીટ કરી શકશે.

વિદ્યાર્થીનું Aadhaar Based Biometric eKYC ત્યારે જ "Yes" આવશે જ્યારે વિદ્યાર્થીઓએ અન્ન નાગરિક પુરવઠા વિભાગના રેશનકાર્ડના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC કરાવેલ હશે. વિદ્યાર્થી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ડેટાબેઝમાં પોતાનું Aadhaar Based Biometric eKYC નીચે મુજબના જુદા જુદા ઓપ્શનથી કરી શકશે.

1. "My Ration" Mobile Application દ્વારા વિદ્યાર્થી જાતે જ કરી શકશે. (Mobile App Link: https://play.google.com/store/apps/details?id=gujarat.banaskantha.myration&pcampaignid=web_share)
2. મામલતદાર કચેરીની પુરવઠા શાખા અથવા મહાનગરપાલિકા વિસ્તારમાં ઝોનલ ઓફીસની મુલાકાત લઇ કરી શકાશે.
3. ગ્રામ પંચાયત કચેરીમાં VCE મારફત કરી શકાશે.
4. શાળાના આચાર્યશ્રીઓ પણ કરી શકશે.

જે વિદ્યાર્થીઓએ Aadhaar Based Biometric eKYC કરાવવાનું થાય તેઓ પાસે રેશનકાર્ડ હોવું તથા રેશનકાર્ડ માં નામ હોવુ તથા રેશનકાર્ડમાં આધારનંબર સીડ કરેલો હોવો ફરજિયાત છે.

૧૭. તમામ શાળા અને કોલેજોએ HoI(Head of Institute) eKYC કરવાનું રહેશે.

૧૮. OTR (One Time Registration) બાબત

કેન્દ્ર સરકારશ્રીએ કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના (VKY-8) અંતર્ગત OTRનો અમલ કરવા જણાવેલ છે. ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આ બાબતનું Integration already કરવામાં આવેલ છે. આ OTR નંબર વિદ્યાર્થીઓએ National Scholarship Portal(NSP) પર જઇને જનરેટ કરવાનો રહેશે અને Digital Gujarat Portal પર ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીએ આ OTR નંબર એન્ટર કરવાનો રહેશે.

૧૯.જિલ્લા કચેરીઓએ ઓનલાઇન તમામ યોજનાઓના અમલીકરણના આખરી ઠરાવો / પરિપત્રો ધ્યાને લઇને જ શિષ્યવૃત્તિ/સહાય મંજુર કરવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

નિયામક
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાના :-

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી , આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ તરફ જાણ સારૂ.

નકલ રવાના:-

1. માન.સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
2. નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સંકલન સારૂ.
3. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, બ્લોક નં:૪/૩, જૂના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સંકલન સારૂ.
4. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોકનં:૧૨/૨, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.
5. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી શિક્ષણ, બ્લોકનં:૫/૨, જુના સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.

6. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨ ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.
7. નિયામકશ્રી, ટેકનિકલ એજ્યુકેશન, બ્લોકનં:૨/ક, કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર તરફ જાણ તેમજ આપના તાબા હેઠળની જિલ્લા કચેરીઓ/સંસ્થાઓને ઉક્ત કામગીરી સમયમર્યાદા પૂર્ણ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવા નમ્ર વિનંતી સહ.
8. અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓની કચેરી, બ્લોક નં.૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી સંકલન સારૂ
9. સાયન્ટીસ્ટ 'એફ', સ્ટેટ N.I.C. સેન્ટર, બ્લોક નં-૧૩/૨, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલની અત્રેના ખાતાની શિષ્યવૃત્તિ/સહાય યોજનાઓને સુચારૂ રીતે ઓનલાઇન કાર્યરત કરવા વિનંતી સહ.

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય ગાંધીનગર (પત્રક-અ)

માત્ર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ **Digital Gujarat Portal** મારફત **Online** અરજી કરવાની થતી યોજનાઓની વિગત (વર્ષ:૨૦૨૬-૨૭) (પત્રક-અ)

| અ. | યોજનાનું નામ | આવક મર્યાદા | કુમાર / કન્યા | સહાયની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| 1 | Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (VKY-8) | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - ધો:૧૧-૧૨, કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 1A | Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships(Freeship Card Students Only) (VKY-8) | રૂ. ૨.૫૦ લાખ | કુમાર અને કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- વર્ષ:૨૦૨૪-૨૫ થી આ યોજનામાં તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે. વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થયેથી વિદ્યાર્થીએ દિન-૭માં કોલેજ/સંસ્થામાં ભરવા પાત્રફી કોલેજને ફરજિયાત ચુકવવાની રહેશે. |
| 2 | Post-Matric Scholarship For girls (Having annual family income more than 2.50 Lac) (VKY-6) | આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય | માત્ર કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - ધો:૧૧-૧૨, કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 2A | Post-Matric Scholarship For girls (Having annual family income more than 2.50 Lac) (Freeship Card/Medical Loan Students Only) (VKY-6) | આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય | માત્ર કન્યા | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- વર્ષ:૨૦૨૪-૨૫ થી આ યોજનામાં તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે. વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થયેથી વિદ્યાર્થીએ દિન-૭માં કોલેજ/સંસ્થામાં ભરવા પાત્રફી કોલેજને ફરજિયાત ચુકવવાની રહેશે. |
| 3 | Post-Matric Scholarship for ST Boys Students Only (Having annual Family Income between Rs. 2.50 lacs to Rs. 6.00 lacs ) (State Government Scheme) | રૂ. ૨.૫૦ લાખથી ૬.૦૦ લાખ | માત્ર કુમાર | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - ધો:૧૧-૧૨, કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- ફ્રીશીપકાર્ડ વગરના વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ. |
| 3A | Post-Matric Scholarship for ST Boys Students Only (Having annual Family Income between Rs. 2.50 lacs to Rs. 6.00 lacs ) (State Government Scheme) (Freeship Card Students Only) | રૂ. ૨.૫૦ લાખથી ૬.૦૦ લાખ | માત્ર કુમાર | નિભાવ ખર્ચ તથા માન્ય શિક્ષણફી (સરકારશ્રીના નિયમ મુજબ) | - કોલેજ કક્ષાના અભ્યાસક્રમોમાં મળવાપાત્ર<br>- માત્ર ફ્રીશીપકાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓએ જ એપ્લાય કરવુ<br>- વર્ષ:૨૦૨૪-૨૫ થી આ યોજનામાં તમામ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના ખાતામાં જ જમા કરવામાં આવશે. વિદ્યાર્થીના ખાતામાં શિષ્યવૃત્તિ જમા થયેથી વિદ્યાર્થીએ દિન-૭માં કોલેજ/સંસ્થામાં ભરવા પાત્રફી કોલેજને ફરજિયાત ચુકવવાની રહેશે. |
| 4 | Food Bill Assistance to ST Students (VKY-7) | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦/- માસિક સહાય | - સંસ્થા(કોલેજ) સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ ભોજનબીલ મળવા પાત્ર છે. (મહત્તમ ૧૦ માસ માટે ) |
| 5 | Financial Assistance to Purchase of Instruments and other Stationary for Medical and Engineering ST Students (VKY-7) | રૂ. ૬.૦૦ લાખ | કુમાર અને કન્યા | ૧૫૦૦૦/- Medical<br>૧૦૦૦૦/- Enghineering<br>૫૦૦૦/- Diploma | - Medical, Engineering, Diplomaના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા અનુ.જાતિના વિદ્યાર્થીઓને જ મળવાપાત્ર છે. |

નોંધ: ઉક્ત તમામ વિગતો માર્ગદર્શન પુરતી છે આખરી અર્થઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે. (ઉક્ત તમામ યોજનાઓ માત્ર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે જ છે)

## આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર

## નિયામક, આદિજાતિ વિકાસની કચેરી , ગાંધીનગર

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓ તથા **NIC** એ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું માસવાર આયોજન પત્રક (વર્ષ:૨૦૨૬-૨૭)

<table>
<tr><th>નં</th><th>માસ</th><th>NIC દ્વારા થનાર કામગીરી</th><th>શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાઓએ કરવાની કામગીરી</th><th>જિલ્લા કચેરીએ કરવાની કામગીરી</th></tr>
<tr><td rowspan="2">૧</td><td rowspan="2">સપ્ટેમ્બર-નવેમ્બર ૨૦૨૬</td><td>જે વિદ્યાર્થીઓને ગત વર્ષે શિષ્યવૃત્તિ મળેલ હોય અને ચાલુ વર્ષે રીન્યુઅલ માટે Eligible થતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ ખાતામાં રીન્યુઅલ તરીકે મુકવી.</td><td rowspan="2">શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ માટે ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાઓએ તમામ ફ્રેશ તથા રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન તા.૦૧/૦૯/૨૦૨૬ થી તા.૩૦/૧૧/૨૦૨૬ સુધી કરાવવી.<br>તા.૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં જે અરજીઓ મળેલ હોય તે જિલ્લા કચેરીઓને ઓનલાઇન અરજીઓ મોકલી આપવી.<br>(ઉક્ત તારીખો પહેલા જો સંસ્થામાં દરખાસ્તો તૈયાર થઇ જાય તો વહેલા જિલ્લા કચેરીઓએ રજુ કરવી.)</td><td>શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાઓને વર્ષ:૨૦૨૬-૨૭ માટે શિષ્યવૃત્તિ યોજનાઓ માટેનો પરિપત્ર ઑગસ્ટ માસના પ્રથમ અઠવાડીયા સુધીમાં મોકલી આપવો.</td></tr>
<tr><td>જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ફોરવર્ડ કરવા બાબતના તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ કરવુ.</td><td>ઉચ્ચતર માધ્યમિક શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાઓ તરફથી જેમ-જેમ વર્ષ:૨૦૨૬-૨૭ની ઓનલાઇન એપ્લીકેશન/દરખાસ્તો મળતી જાય તેમ તેમ એપ્લીકેશન મંજુરીની કામગીરી કરવી.<br>જેમ જેમ એપ્લીકેશન એપ્રુવ થતી જાય તેમ તેમ બીલો બનાવી ચૂકવણીની કામગીરી કરવી.</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ડિસેમ્બર-૨૦૨૬ થી જાન્યુઆરી ૨૦૨૭ | શાળા/ કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થા/ જિલ્લા કક્ષાએ ઓનલાઇન એપ્લીકેશન ને લગતા તથા બીલોને લગતા ટેકનિકલ પ્રશ્નો ઉદભવે તો તેનુ નિરાકરણ કરવુ. | શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે શાળા / કોલેજ/ યુનિવર્સિટી/ સંસ્થાના બાકી રહેતા તમામ ફ્રેશ/રીન્યુઅલ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન સંબધિત જિલ્લા કચેરીને તા:૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં દરખાસ્તો મોકલવી. | વર્ષ:૨૦૨૬-૨૭ની જુદી જુદી પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ૧૦૦% એપ્લીકેશન નિયમોનુસાર મંજુર કરી બીલો બનાવી ચૂકવણીની કામગીરી કરવી.અને તા:૩૧/૧૨/૨૦૨૬ સુધીમાં ૮૦% અને તા:૩૧/૦૧/૨૦૨૭ સુધીમાં ૧૦૦% વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનુ ચુકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. |

Signature valid
Signed by:Ashish Kumar
Director
Date:2026.08.28
16:03:45 +5:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*